પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૪૩ | ૨૪ એપ્રિલ, ૨૦૨૨, રવિવાર; ચૈત્ર વદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦


# ...તો ત્રીજું વિશ્વયુદ્ધ થઈ શકે છે : જર્મની

## જો NATO અને રશિયા ટકરાશે તો ત્રીજા વિશ્વ યુદ્ધની શક્યતા : યુક્રેનની ખુલીને મદદ કરનારા પર ટિપ્પણીનો સામનો કરી રહ્યું છે જર્મની

બ્રસેલ્સ,તા.૨૩

જર્મનીએ નાટોને રશિયાની સાથે સીધા સૈન્ય ટકરાવથી બચવાની સલાહ આપી છે. જર્મનીના ચાન્સેલર ઓલાફ સ્કોલ્જે આશંકા વ્યક્ત કરી છે કે, જો નાટો અને રશિયા ટકરાશે તો ત્રીજુ વિશ્વ યુદ્ધ થઈ શકે છે. ચાન્સેલર સ્કોલ્જે ડેર સ્પીગલની સાથે એક ઈન્ટરવ્યૂમાં રશિયાની સાથે પોતાના તેલ અને ગેસની આયાતને તરત રોકવા માટેના નિર્ણયનો પણ બચાવ કર્યો છે. જર્મની પોતાની ઉર્જાની જરુરિયાતો માટે રશિયા પર નિર્ભર છે. આ જ કારણે છે કે નાટોનો સભ્ય હોવા છતા પણ જર્મનીએ રશિયાને લઈ હંમેશા નરમ વલણ દાખવ્યું છે. તાજેતરમાં અમેરિકા અને બાકી નાટો દેશોના દબાણના કારણે જર્મનીએ પણ યુક્રેનને સીમિત માત્રામાં સૈન્ય સામાન મોકલ્યા છે. ઓલાફ સ્કોલ્જને યુક્રેનને ભારે હથિયારો જેવા ટેંક અને હોવિત્ઝર ન આપવાના કારણે દેશ અને વિદેશોમાં ટિપ્પણીઓનો સામનો કરવો પડી રહ્યો છે. જે બાદ જર્મન સરકારે અનેકવાર યુક્રેનના પક્ષમાં નિવેદન આપ્યું છે, પરંતુ રશિયા વિરુદ્ધ બાકી દેશોએ જેટલાં પગલા

● અનુસંધાન પાન-૭ પર

## દેશમાં ૨૫૨૭ નવા કેસ

નવી દિલ્હી, તા.૨૩

ભારતમાં છેલ્લા થોડા દિવસોથી કોરોના કેસમાં વધારો થઈ રહ્યો છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨૫૨૭ નવા કેસ અને ૩૩ સંક્રમિતોના મોત થયા છે. જ્યારે એક્ટિવ કેસનો આંકડો ૧૫ હજારને પાર થઈ ગયો છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા મુજબ, દેશમાં એક્ટિવ કેસની સંખ્યા ૧૫,૦૭૯ થઈ છે. જ્યારે કુલ મૃત્યુઆંક ૫,૨૨,૧૪૯ પર પહોંચ્યો છે. દેશમાં ૪,૨૫,૧૭,૭૨૪ લોકો કોરોના સામે જંગ જીત્યા છે. દેશમાં અત્યાર સુધીમાં ૧૮૭,૪૬,૭૨,૫૩૬ રસીના ડોઝ આપવામાં આવ્યા છે. જેમાંથી ગઈકાલે ૧૯,૧૩,૨૯૬ ડોઝ આપવામાં આવ્યા હતા. દેશમાં ૧૬ જાન્યુઆરી, ૨૦૨૧થી રસીકરણ શરૂ થયું હતું. . દૈનિક પોઝિટિવિટી રેટ ૦.૫૬ ટકા છે.

## ભડકાઉ હેડલાઈનથી ન્યૂઝ ચેનલ્સને દૂર રહેવા સરકારનો કડક આદેશ

### સૂચના અને પ્રસારણ મંત્રાલયે ન્યૂઝ ચેનલ્સ માટે એડવાઈઝરી જાહેર કરી, આદેશનું પાલન નહીં થાય તો ચેનલને પ્રતિબંધિત કરવામાં આવી શકે છે

નવી દિલ્હી, તા.૨૩

રશિયા-યુક્રેન વચ્ચે ચાલી રહેલા યુદ્ધનું કવરેજ, જહાંગીરપુરી વિવાદ અને લાઉડ સ્પીકર અંગેના ડિબેટ શો મામલે સૂચના અને પ્રસારણ મંત્રાલયે નારાજગી વ્યક્ત કરી છે. આ સાથે જ ન્યૂઝ ચેનલ્સ માટે એડવાઈઝરી જાહેર કરીને કહ્યું કે, ઉશ્કેરણીજનક, અસામાજીક, બિનસંસદીય અને ભડકાઉ હેડલાઈનથી દૂર રહો. કેન્દ્રએ જણાવ્યું કે, કેબલ ટેલિવિઝન નેટવર્ક (રેગ્યુલેશન એક્ટ) ૧૯૯૫ના નિર્દેશોનું આકરૂં પાલન કરે. સરકારે સ્પષ્ટ જણાવ્યું કે, આદેશનું પાલન નહીં થાય તો ચેનલને પ્રતિબંધિત કરવામાં આવી શકે છે. એડવાઈઝરીમાં જણાવવામાં આવ્યું છે કે, ટેલિવિઝન નેટવર્ક (વિનિયમન)

● અનુસંધાન પાન-૭ પર


**ઓર્ગેનીક ફાર્મીંગ એન્ડ કન્સલ્ટન્સીંગ**



ઓર્ગેનીક કિચન ગાર્ડન એન્ડ ટેરેસ ગાર્ડન પ્લાન્ટેશન કરી આપવામાં આવશે.

કાચી ઘાણીનું ઓર્ગેનિક મગફળીનું તેલ મળશે.

ઓર્ગેનિક પ્રોડક્ટ્સ મેળવવા માટે કોન્ટેક્ટ કરો

70969 55791

સ્થળ : સેક્ટર-૨૮ ગાર્ડન, ગાંધીનગર

ઓર્ગેનિક ઘઉં માટેનું બુકીંગ ચાલુ છે


## શ્રીલંકાને ભારતની વધારાની ૫૦ કરોડ ડોલરની લોન

નવી દિલ્હી, તા.૨૩

આર્થિક રીતે બેહાલ બની ગયેલા શ્રીલંકાને ભારતે ફરી મદદ કરી છે. ભારતે શ્રીલંકાને ઓઈલ ઈમ્પોર્ટ કરવા માટે વધારાના ૫૦ કરોડ ડોલરની લોનની સુવિધા મંજૂર કરી છે. શ્રીલંકા માટે આ પેકજ મહત્વનુ છે. કારણકે હાલમાં તે ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ પાસે બેલ આઉટ પેકેજ માંગી રહ્યુ છે.જેમાં સમય લાગે તેમ છે. આ પેકેજ મળે ત્યાં સુધીમાં ફ્યુલ ઈમ્પોર્ટ કરવા માટે શ્રીલંકાને ભારતે કરેલી નાણાકીય મદદ કામ લાગશે.

શ્રીલંકા પોતાનુ દેવુ અને આયાત થતી વસ્તુઓનુ પેમેન્ટ કરવામાં મુશ્કેલી અનુભવી રહ્યુ છે. જેના કારણે મોંઘવારીમાં પણ ઉછાળો આવી રહ્યો છે. શ્રીલંકાએ કહ્યુ છે કે, ભારતે અમને વધારાના ૫૦ કરોડ ડોલરની લોન આપવા માટે સમંતિ આપી છે. આ સિવાય બીજા એક અબજ ડોલરની લોન આપવા માટે વિચારણા કરી રહ્યુ છે.


**શિક્ષકો જોઈએ છે-વોક ઈન ઈન્ટરવ્યુ**

તા.૨૫/૦૪/૨૦૨૨ થી ૨૬/૦૪/૨૦૨૨

સમય : ૯-૦૦ થી ૧૨:૦૦

(B.A., / B.Com. / B.Sc., / M.A., / P.T.C. / B.ed )

કોમ્પ્યુટરના જાણકાર (BCA|PGDCA/MCA/MSC.IT )

અરજી અને સર્ટીફીકેટ સાથે હાજર રહેવું.

શેઠ મનસુખભાઈ ભગુભાઈ શાળા, (મોટી મ.ભ.)

રામજી મંદિરની પાસે, પેથાપુર.

**Required**

Night Manager

Required in Recaption

Hotel Hillton Inn

A-301 to 310, Pramukh Arcade, 3rd Floor,
Relince Cross Road, Kudasan, Gandhinagar

Inquiry No. 9925436221

**મકાન વેચવાનું છે**

સે.૨૧, જૈન દેરાસર પાસે, બે માળનું મકાન વેચવાનું છે.

સંપર્ક

૯૭૧૨૩૪૫૩૪૫

**TV રીપેરીંગ**

Sony, LG, SAMSUNG, Panasonic

સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ

સેક્ટર-૨૪, ગાંધીનગર

મો. ૯૭૧૪૧૯૮૩૬૬

CHOOSE THE TRUSTED TECHNICAL EXPERTS

Geyser — SERVICE Just 99 — Repair NO VISIT CHARGE

RO — SERVICE Just 99 — Repair NO VISIT CHARGE

SUPER JET AC SERVICE Just Only Rs.299/-

Washing Machine — SERVICE Just 99 — Repair NO VISIT CHARGE

VASCO

Services At Your Doorstep



M.94094 38600



• યુવાનો માટેના કાર્યક્રમોને અગ્રતા

• વર્ષમાં ગીત-સંગીતના ૭ કાર્યક્રમો • ચાર વ્યાખ્યાનો

• ગુજરાતી ભાષાના નીવડેલાં ત્રણ નાટકો

• જાજરમાન દિવ્ય-ભવ્ય નવરાત્રી મહોત્સવ

ગાંધીનગર કલ્ચરલ ફોરમ

**શાનદાર મનોરંજન**

**સરળતાથી સભ્યપદ**

છેલ્લી તા.30 એપ્રિલ, 2022

મે, 2022 થી કાર્યક્રમોની શરૂઆત

લિંક ખોલો, ફોર્મ ભરો

ઓનલાઈન ફોર્મ ભરો અને સરળતાથી સભ્યપદ મેળવો

https://gcf.shreetripada.com/registration.php

ફોર્મમાં તમારી વિગતો ભરીને Online Payment પર ક્લિક કર્યા પછી નવી વિન્ડો ખુલશે, ત્યાં આપના ટ્રાન્ઝેક્શનનો UPI Transaction ID Number લખીને ફોર્મ સબમીટ કરો.



QR CODE સ્કેન કરો

A ગ્રુપ – વ્યક્તિદીઠ રૂા. 4500

B ગ્રુપ – વ્યક્તિદીઠ રૂા. 3500

સભ્યપદ માટે રૂબરૂ પણ સંપર્ક કરી શકો છો : ગાંધીનગર સમાચાર, સે-8 | પૂજા પાર્લર, સે-21 | મહાવીર પાર્લર, ઘ-6 | શ્રધ્ધાદીપ ગ્રીનક્રોસ લેબ, સે-16 | આઈ કોન્ટ્રાસ્ટ, કુડાસણ | RP's Pizzeria, સરગાસણ | R Kitchen, કુડાસણ